<u>ક્રિમિનલ કેસ નંબર–243/26</u>

<u>આંક ૧ લગત હુકમ–</u>

આ કામે આરોપી સામે ત.ક.અમલદારે બી.એન.એસ. કલમ–**૨૮૫, જી.પી.એકટ કલમ–૧૦૨, ૧૧૭** મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે. મજકુર કામે આજરોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવે છે અને જણાવેલ છે કે, પોતે ગરીબ વર્ગનો છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે કાયદા પ્રત્યે માન છે અજાણતા સદર ગુનો થયેલ છે. તેનો પસ્તાવો વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં આ પ્રકારનું કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેની ખાતરી આપેલ છે. આરોપીનું નિવેદન લેતા તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઈએ તેને લાલચ કે પ્રલોભન આપેલ નથી. ગુનાની સજાની જોગવાઈ અંગે તેને માહીતગાર કરવામા આવેલ છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતો હોય તેની કબુલાત રેકર્ડ કરવામા આવેલ છે. આરોપીની રજુઆત તેની સામાજીક આર્થિક સ્થિતિ જોતા અને સંજોગોમાં ગુનો બનવા પામેલ છે. એ તમામ હકીકતને નિગાહે લેતા આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટે યોગ્ય કિસ્સો જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડીઅદાલતનો નટવર હરચંદ વિરુધ્ધ ગુજરાત રાજય કે જે જી.એલ.આર.૨૦૦૫ પેજ.૭૯૯ ઉપર પ્રકાશિત થયેલ છે તે ધ્યાને લેતાં આરોપીને આવા કિસ્સામાં કોર્ટને જો યોગ્ય લાગે તો ન્યુનત્તમ સજા કરતા ઓછી સજા કરી શકાય તેમ હોય આરોપીની આજરોજ લોક અદાલતમાં કબુલાતને ધ્યાને લેતા આરોપીને સી.આર.પી.સી.કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

<u>– હુકમ –</u>

આરોપી **મોહમ્મદ જુનેદઅલી ઝાકીરભાઈ સૈયદને** મજકુર ગુના સબબ બી.એન.એન.એસ. ની કલમ–**૨૭૫** અન્વયે તકસીરવાન ઠરાવી બી.એન.એસ. કલમ–**૨૮૫ તથા જી.પી.એકટ કલમ–૧૦૨, ૧૧૭** માટે **રુ.૫૦૦/–(અંકે રુ.પાંચસો પુરા)** દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો દિન–૦૫ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવું છું.

**જો કોઈ મુદામાલ હોય તો, નિયમ મુજબ નિકાલ કરવો.**

હુકમ આજરોજ **તા.૧૪ માર્ચ, ૨૦૨૬** નારોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

કપડવંજ<br>તા.૧૪/૦૩/૨૦૨૬

**(ટી.વી.જાદવ)**<br>એડીશનલ ચીફ જયુ.મેજીસ્ટ્રેટ<br>કોડ નં.જીજે૦૦૬૦૨